REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XLVII ] SATURDAY, 03rd JUNE, 2006 / JYAISTHA 13, 1928 [ No. 29**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત શહેરી વિકાસ સત્તામંડળ

*(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો-૧૯૭૯નો નિયમ-૧૮ હેઠળ)*

## અધિસૂચન

**નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે.**

પત્ર નં. સુડા/યુ. ૩/ટીપીએસ-૨૨ (સરથાણા-વાલક)/૩૩૯૮/૦૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૨ *(સરથાણા-વાલક) : સુડા : સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે*, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૧૦-૦૬-૨૦૦૫ના ઠરાવ નં. ૨૩૯૭(૨)થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

ચર્તુઃસીમા :

નગર રચના યોજના નં. ૨૨ (સરથાણા-વાલક) : સુડા : સુરત.

ઉત્તરે : નદી

દક્ષિણે : સુરત-કામરેજ સ્ટેટ હાઈવે/મુ.ન.ર.યો.નં. ૨૧ (સરથાણા-સીમાડા) : સુડા : સુરત.

પૂર્વે : સરથાણા-વાલક ગામની જમીનો.

પશ્ચિમે : સુરત મહાનગરપાલિકા હદ.

**ઉપરોક્ત નગર રચના યોજનામાં સમાવિષ્ટ જમીનોના બ્લોક નંબરોની યાદી.**

મોજે : સરથાણાના બ્લોક નંબર : ૧ થી ૨૦, ૨૧/પૈકી, ૪૦, ૧૧૯/પૈકી, ૧૪૮ થી ૧૫૫, ૧૫૬/પૈકી, ૧૫૭ થી ૧૫૯, ૧૬૦/પૈકી, ૧૬૧ થી ૧૮૭

મોજે : વાલકના બ્લોક નંબર : ૧૩૯ થી ૧૪૨, ૧૪૩/પૈકી.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સુડા ભવન", કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્યપત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુરી માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સુરત, ૨ માહે જુન, સને ૨૦૦૬.

**(સહી) અવાચ્ય,**
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

---